૭૮૬/૯૨

# બે બોલ

**કાદરી કર, કાદરી રખ ઔર કાદરીયોં મેં ઉઠા**
**કદરે અબ્દુલ કાદિરે કુદરત નુમાં કે વાસ્તે**


આ'લા હઝરત

હમ્દ ના'ત બાદ તરીકએ કાદરીયાહ સાચા અર્થમાં હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી ઝારી થયો છે. કુરઆન અને સુન્નત પર ચુસ્તપણે પાલન કરવાનો તેમાં ભારપૂર્વક આદેશ આપેલ છે.


પાંચમી સદીમાં જ્યારે ઈસ્લામ ખતરામાં આવતો જણાયો મુસલમાનો દીનથી દુર થવા લાગ્યા, તેમનું ઈમાન કમજોર થવા લાગ્યું ત્યારે અલ્લાહ પાકે હઝરત ગૌસુલ આઝમને આ દીનને ફરીથી સજીવ કરવા મુસલમાનોના ઈમાનનું નૂર રૌશન કરવા અને ઈસ્લામને વ્યાપક બનાવવા **મહિય્યુદ્દીન** (દીનને ઝિંદા કરનાર) ના લકબથી દુનિયામાં મોકલ્યા. આપે નાયબે રસૂલની સંપૂર્ણપણે જવાબદારી અદા કરી અને દીનને ફરીથી ચમકાવ્યો ઈસ્લામની બોલબાલા કરી. મુસલમાનોને ઈમાન ની કુવ્વત અર્પણ કરી અસંખ્ય યહુદીઓ અને નશરાનીયોને કલમો પઢાવી ઈસ્લામના દાયરામાં દાખલ કર્યા.

સારાંશ તરીકએ કાદરીયાહ એ તમામ મુસલમાનો માટે શમ્એ હિદાયત છે, સિરાતે મુસ્તકીમ છે. તેની તઅલીમ હકીકતમાં હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની તાઅલીમ છે, એનો ફયઝ ફયઝે નબવી છે, અલ્લાહ પાક અમો સૌને અમલની તૌફીક અતા કરે બહક્કે તાહા વ યાસીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

રૂપાલ તા. બાવલા — ગુલામ, ગુલામાને ગૌસ
તા. ૨૯-૧-૨૦૦૧ — **સૈયદ દાદામિયાં કાદરી**



૭૮૬/૯૨



## નહમદોહુ વનોસલ્લી અલા રસુલેહીલ કરીમ

બઝમે કાદરીયહ કડી પાપા પગલી પાડતી એક નાની દીની સંસ્થા છે. જેનો મકસદ (હેતુ) દીની તાલીમને આમ કરવા અવાર નવાર ઝિક્રના હલ્કા કાયમ કરવા. મદ્રસા કે મકતબ ચલાવવા અને દીનનું જરૂરી જ્ઞાન પુરી પાડતી નાની નાની કિતાબોનું પ્રકાશન કરી કૌમમાં દીની જ્ઞાનની જયોત પ્રગટાવવાનો છે. અમારા આ નેક મકસદના અમલ રૂપે આ પ્રથમ પ્રકાશન "ફયઝે કાદરીયહ" આપની સમક્ષ રજૂ કર્તા આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ.

આ સંસ્થાની બુનીયાદ અમારા રૂહાની રાહબર પીરે તરીકત હઝરત અલહાજ્જ સૈયદ દાદામિયાં શમ્સુદ્દિન કાદરી બાવા સાહેબના મુબારક હાથે મુકવામાં આવી આપનો પરિચય આપવાનો હોય નહી. આપ અબુલ બરકાત સીરાજુલ હીંદ હઝરત સૈયદ સુલતાન હાજી હુદ રદીયલ્લાહો અન્હોની ઔલાદમાંથી છે. જેઓ આજથી લગભગ એક હજાર વર્ષ અગાઉ પાટણ (ઉ.ગુ) માં દીનની તબ્લીગ અર્થે સૌ પ્રથમ પાટણ

અલ્લઝી તાહેરૂન, શાહેદુન મુનીરૂન, મુહદદેસુન, સુલતાનુન, શાફેઈય્યુન, મોઈનુન, શાકેરૂન, રાફેઉન, હાફેઝુન, કરીમુન, ઈમામુન, સાલેહુન, જવાદુન, આબેદુન, માજેદુન, તકીય્યુન, ઝકીય્યુન, ઈસદુન, લા ગૌસ કુત્બુન, ખાદેઉન વારેસુન, લાએકુને, મુતહહરૂન, રાસેદુન, રાસેદુન, સેરાજુન, ખલીલુન હસનીય્યુન, આલેમુન, મોબીનુન, ઝાકેરૂન, નાસેહુન, અઝીમુન, મુ'મેનુન, મુન્એમુન, મુર્ફીદુન, ઈલ્લાહુવા ઝાહેદુન, જલીય્યુન, કામેલુન, હમીદુન, રશીદુન, નકીબુન, બુરહાનુન, વારેઉન, રાસેખુન, ઝાહેરૂન, મુતીઉન, ઝાએદુન, તાજુન, દલીલુન, હુસૈનીય્યુન, હાબેમુન, મીસ્બાહુન, મલાઝુન, વાઝેહુન, વલદો રસુલિલ્લાહે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ, તસ્લીમન કસીરન કસીરા બેરહમતેકા યા અરહમર રાહેમીન)

## અગીયાર મુબારક નામ

હઝરત ગૌસેપાક (રદીયલ્લાહો અન્હો) ના આ અગીયાર નામો ઘણાં જ બરકતવંતા અને ફાયદાકારક છે. તેની ફઝીલત ઘણી વર્ણવામાં આવી છે. મુશ્કેલી અને આફતમાં પઢવાથી રાહત પ્રાપ્ત થાય છે. દિલી મુરાદો પુરી થાય છે. કરજદારને કરજ થી છુટકારો મળે છે. રોઝીમાં બરકત થાય છે. આફત-બલા દુર થાય છે. આ મુબારક નામો અગીયાર દિવસ સુધી દરરોજ ૧૧ (અગીયાર) વખત પઢે. આગળ-પાછળ (અગીયાર) વાર દુરૂદ શરીફ પઢે. ઈન્શા અલ્લાહ કામયાબી મળશે. આ નામોને હંમેશા પઢનારના રૂહાની ઈલ્મમાં તરક્કી થશે. ઈન્શાઅલ્લાહ.

## બિસ્મીલ્લાહ હિર્રહમા નિર્રહીમ

અલ્લા હુમ્મા સલ્લે અલા સૈયદેના મોહમ્મદીન વ આલા આલે સૈયદેના મોહમ્મદીમ મઅદનીલ જુદે વલ કરમે મમ્બઈલ ઈલ્મે વલ હિલ્મે વલ હિકમે વ બારિક વ સલ્લિમ.

(૧) ઈલાહી બ હુરમતે સૈયદ મુહયુદ્દિન અમરીલ્લાહ. (રદીયલ્લાહો અન્હો)

(૨) ઈલાહી બ હુરમતે શયખ મુહયુદ્દિન ફદલુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૩) ઈલાહી બ હુરમતે ઔલિયા મુહયુદ્દિન અમાનુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૪) ઈલાહી બ હુરમતે મિસ્કીન મુહયુદ્દિન નુરૂલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૫) ઈલાહી બ હુરમતે ગૌસે મુહયુદ્દિન કુત્બુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૬) ઈલાહી બહુરમતે સુલતાન મુહયુદ્દિન સયફુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૭) ઈલાહી બ હુરમતે ખ્વાજા મુહયુદ્દિન ફરમાનુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૮) ઈલાહી બ હુરમતે મખદુમ મુહયુદ્દિન બુરહાનુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૯) ઈલાહી બ હુરમતે દરવેશ મુહયુદ્દિન આયાતુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૧૦) ઈલાહી બ હુરમતે બાદશાહ મુહયુદ્દિન ગૌસુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

(૧૧) ઈલાહી બ હુરમતે ફકીર મુહયુદ્દિન મુશાહેદુલ્લાહ (રદીયલ્લાહો અન્હો)

અલ મદદ યા શયખ અબ્દુલ કાદિર જીલાની શયઅન લિલ્લાહ.

ઉપરોક્ત દર્શાવેલ ખત્મ પઢ્યા બાદ દુઆ કરે ઈન્શા અલ્લાહ મુશ્કેલીઓ આસાન થશે અને મકસદ પણ હાંસિલ થશે.

હઝરત પીરાને પીર (રદીયલ્લાહો અન્હો) ફરમાવે છે કે બધા ઝિક્રોથી બહેતર અને શ્રેષ્ઠ "લા ઈલાહા ઈલ્લલ્લાહ" નો ઝિક્ર છે તેનોજ વધુમાં વધુ વિર્દ કરો.

(સિરતે ગૌસુલ આઝમ પાન. ૨૪૨)

## અસમાએ હસના

હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર (રદીયલ્લાહો અનહો) ફરમાવે છે કે "અલ્લાહ તઆલાના મુબારક નામો (અસમાએ હસના) પૈકી પોતાના મતલબ માફક નક્કી કરી તેનો વધુ પ્રમાણમાં વિર્દ કરવાથી બ હુકમે ખુદા જરૂર લાભ અને દીલી હેતુ પ્રાપ્ત થશે, જેમકે

બિમારની શિફા માટે : **યા શાફી**
ભુખ મટાડવા માટે : **યા સમદો**
રોઝી વધારવા માટે : **યા રાઝેકો**
દુશ્મનને ઝેર (તાબે) કરવા માટે : **યા મુઝિલ્લો**

(સિરતે ગૌસુલ આઝમ પાન. ૨૫૯)

### બુખાર (તાવ) દુર કરવા માટે

હઝરત ગૌસુલ આઝમ (રદીયલ્લાહો અન્હો )એ હઝરત ઈમામ જઅફર સાદિક (રદીયલ્લાહો અન્હો) થી અમલ નકલ કર્યો છે. અને આપ ફરમાવે છે કે એક પ્યાલામાં પાણી લઈ તેના પર ૪૧ વખત સુરએ ફાતેહા (અલહમ્દો) પઢીને દમ કરી બુખાર (તાવ) ના દર્દીના મોં પર છાંટવાથી ઈન્શાઅલ્લાહ આરામ થઈ જાય છે.

# પ્રેરણાદાયક બોધ વચનો

ગૌસે સમદાની, મહેબુબે સુબ્હાની, કુત્બે રબ્બાની,
પીરેલાસાની સૈયદ અબ્દુલકાદિર જીલાની
(રદીયલ્લાહો અન્હો) ની

## અમૃત વાણી

- દરેક બાબતને પ્રથમ કુરઆન અને હદીસ વડે પારખો, પછીજ સ્વીકારો.
- હલાલ રોઝી ખાવ કારણ કે એથી દિલમાં રોશની પેદા થાય છે.
- કોઈની સાથે મહોબ્બત કરવામાં પણ ઉતાવળ ના કરો અને અદાવત કરવામાં પણ ના કરો.
- તુટેલી કબરોમાં ઝાંખીને જુઓ કેવા સુંદર સુંદર ચહેરા ખરાબ થઈ રહ્યા છે.
- ગુમનામીને પસંદ કર કારણ કે તેમાં નામના કરતા પણ વધુ શાંતી છે.
- જે અમલમાં તને મઝા ના આવે તો એમજ સમજ કે એ અમલ તે કર્યોજ નથી.
- દુનિયાની મહોબ્બત થી અલ્લાહ ના ખાસ પ્રિય બંદાઓ ને ઓળખનાર આંખ અંધ થઈ જાય છે.
- લણવાના ટાઈમે હળ હાંકવું અને બીજ વાવવા નકામા છે.
- જેમ મોમીન વૃદ્ધ થાય છે, તેમ તેનું ઈમાન યુવાન થાય છે.
- તારા અમલ તારા અકાઈદનું દર્પણ છે. અને તારૂં બાહ્ય એ તારા અંતરનું દર્પણ છે.
- સર્વોત્તમ સદકાર્ય એ છે કે, ઈલ્મ શિખવું તેના પર અમલ કરવો અને બીજાને ઈલ્મ શિખાડવું છે.
- જો સબ્ર ના હોય તો તંગદસ્તી અને બિમારી એક અઝાબ છે. અને સબ્ર હોય તો કરામત અને ઈઝઝત છે.

- ડાહ્યો માણસ પહેલા પોતાના દિલને પૂછે છે પછીજ બોલે છે.
- અત્યાચારી, ત્રાસિતની દુનિયા ખરાબ કરે છે. અને પોતાની આખેરત ખરાબ કરે છે.
- અલ્લાહ વાળા, અલ્લાહ તઆલાની ફરમાબરદારી કરે છે તેમ છતાં તેના (ખુદાના) ખૌફ થી થર થર ધ્રુજતા હોય છે. જ્યારે તમો ખુદાની નાફરમાની કરીને પણ ડરતા નથી.
- મિસ્કીનો (ગરીબો) ને નારાજ કરીને ખુદાને રાજી કરવું અશકય છે.
- દરેક મુત્તકી (પરહેઝગાર) વ્યક્તિ હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની આલ છે.
- મખ્લૂકથી જે માંગે છે તે ખુદાના દરવાજાનો આંધળો છે.
- પોતાના દિલને ફકત અલ્લાહ માટે ખાલી રાખ.
- મુસીબતોને દુર કરવાનો ઉત્તમ ઈલાજ મીસ્કીનોને ખુશ કરવું છે.
- પારકી સ્ત્રીઓ અને છોકરાઓની પાસે બેસવું અને એમ કહેવું કે હું તેમની તરફ ધ્યાન નથી આપતો એ તદન જુઠ છે.
- જ્યારે કોઈ બંદો એકાંતમાં, છુપી રીતે ચારે તરફ પરદો કરીને, દરવાજા બંધ કરીને, દુનિયાથી શરમાઈને ગુનાહનું કૃત્ય આચરે છે ત્યારે અલ્લાહ તઆલા ફરમાવે છે. અય બંદા ! તું દુનિયાવાળા થી ડરી રહ્યો છે. તારી તરફ જોનારાઓમાં સૌથી વધુ કમજોર (અશક્ત) મનેજ સમજે છે એટલે જ તો તે બધાથી પરદો કર્યો પણ મારા થી ના કર્યો !
- સંસાર સાગર છે. ઈમાન હોડી છે, ઈબાદત નાવીક છે, આખેરત સાગર કિનારો છે.
- મખ્લુકના ત્રણ પ્રકાર છે : (૧) ફરિશ્તા (૨) શયતાન (૩) ઈન્સાન.

ફરિશ્તા સંપૂર્ણ નેક હોય છે. શયતાન સંપૂર્ણ ગુનાહગાર હોય છે. જ્યારે ઈન્સાનમાં નેક અને ગુનાહગાર બન્ને હોય છે. જો નેકીનું પ્રમાણ વધી જાય તો ઈન્સાન ફરિશ્તાઓ સાથે મળી જાય છે અને ગુનાહનું પ્રમાણ વધી તો તે ઈન્સાન શયતાન સાથે મળી જાય છે.

- જે માણસ કુરઆન અને હદીસ (સુન્નત) નું અનુસરણ નથી કરતો તે હલાક થએલો છે.
- તમે ધરાઈને ખાવ છો અને તમારા પડોશી ભુખ્યા રહે છે, તેમ છતાં તમે દાવો કરો છો કે અમે મુસલમાન છીએ ! તમારૂં ઈમાન દુરસ્ત નથી.
- મસ્જીદમાં વધુ વાર થોભવા (ઈબાદતે ઈલાહીમાં બેસવા) અને હુઝુર પૂરનુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર અસંખ્ય પ્રમાણમાં દોરૂદ શરીફ પઢવાને જરૂરી સમજો કારણ કે આસ્માન પર થી જો આગ વરસે તો ફકત મસ્જીદવાળા જ તેના અઝાબ થી બચી શકે છે.
- ફકત જાડા નીચા ઝબ્બા પહેરવાથી કે સાદો ખોરાક ખાવામાં જ સદાચાર અને નીતિ ગણાતા નથી. પરંતુ દિલની સફાઈ (પવિત્રતા) થી જ સદગુણો મેળવી શકાય છે.
- જ્યારે અમીર અને ગરીબ તમારી પાસે આવે ત્યારે જો તમે બન્ને વચ્ચે કોઈ પણ જાતનો ભેદભાવ રાખશો તો તમોને કોઈ ભલાઈ નસીબ નહિં થાય.

-દસ્તગીરે બેકસાં, પીરે પીરાં, મીરે મીરાં, હુઝુર ગૌસુસ્સકલૈન શયખ અબ્દુલકાદિર જીલાની (રદીયલ્લાહો અન્હો) ના આ નસીહત અને હિકમતથી ભરપુર અનમોલ ઈર્શાદાત પર અલ્લાહ તઆલા અમો સૌને અમલ કરવાની તૌફીક આપે, બહક્કે તાહા વ યાસીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આમીન...

# શાને કાદરી

અઝ : ફકીર નુરમહંમદ કાદરી સરવરી સાહેબ

(૧) કાદરી રા હસ્ત કુવ્વત અઝ કદીર
બાઝ આવર અઝ કમાં બરજસ્તા તીર

(અર્થ : કાદરીને કદીર (ખુદા) થી કુવ્વત (શક્તિ) મળેલી છે તે કમાન થી નીકળેલું તીર પાછું વાળી શકે છે.)

(૨) કાદરી હાઝીરે બ બઝમે મુસ્તફા
કાદરી કાદીર બુદ દર દોસરા

(અર્થ : કાદરી હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મહેફીલમાં હાજીર થાય છે. કાદરી બન્ને જહાનમાં અધિકાર ધરાવે છે.)

(૩) કાદરી તારીક ઝ દુનિયા એ પલીદ
ઈબ્તેદાએ કાદરી ચું બા યઝીદ

(અર્થ : કાદરી નાપાક દુનિયાને ત્યાગી દે છે અને કાદરીની શરૂઆત બાયઝીદ બુસ્તામી (રહ.) ની જેમ થાય છે.)

# મનકબત

**દર શાને હઝરત ગૌસુલ આઝમ (રદીયલ્લાહો અન્હો)**
**અઝ : હઝરત સૈયદ ફખરૂદ્દીન ફખરે ગુજરાત "ફખ્ર" કાદરી**
**(રહેમતુલ્લાહ અલયહ)**

કલીદે બાબે જન્નત હય મોહબ્બત ગૌસુલ આઝમ કી
સબીલે મનફઅત અફઝાં હય બયઅત ગૌસુલ આઝમ કી
મુસલ્લત હે દો આલમ પર હુકૂમત ગૌસુલ આઝમ કી
ફરિશ્તોં પર ભી લાઝીમ હૈ ઈતાઅત ગૌસુલ આઝમ કી
અયાં હૈ આબો તાબે જલ્વા એ હસનૈન સુરત મેં
નબી સે મીલતી ઝુલતી હૈ શબાહત ગૌસુલ આઝમ કી
અલી કે લખ્તે દિલ હૈ, ફાતેમા કે નુરે દીદા હૈ
રસુલુલ્લાહ સે હૈ ખાસ નિસ્બત ગૌસુલ આઝમ કી
અતા કી અઝ સરે નૌ ઝિંદગી દીને મુકદસ કો
મસીહે મશરબે હક હૈ વિલાયત ગૌસુલ આઝમ કી
અકીમા કો દીયે બેટે, કીયા અબ્દાલ ચોરોં કો
જવાબ અપના નહિં રખતી, સખાવત ગૌસુલ આઝમ કી
જિસે અલ્લાહ આંખે દે વોહી ઉસ હુશ્ન કો દેખે
નઝર અંધે કો કયા આએ, મલાહત ગૌસુલ આઝમ કી
મૈં બખ્શા જાઉંગા મહેશર મેં, નઝમે મનકબત પઢકર
શફાઅત કી સનદ હૈ 'ફખ્ર' મિદહત ગૌસુલ આઝમ કી
ચલો બગદાદ જાકર 'ફખ્ર' આંખો કો કરે રૌશન
સરાપા નુરકા શૌલા હય તુરબત ગૌસુલ આઝમ કી

★ ★ ★

કર રહે હય સૈરે ગુલઝારે ઉમ્મીદ
હો રહે હય હુશ્ને ગુલ સે મુસ્તફીદ
હશ્ર કે દીન ભી વોહ હોંગે સુર્ખરૂ
જન્નતી હય ગૌસુલ આઝમ કે મુરીદ

